# "બહાદુરસિંહજી ગોહિલ અને પાલીતાણા રાજ્ય" - ઐતિહાસિક પરીપ્રેક્ષ્યમા (ઈસ. ૧૯૧૯ થી ઈ.સ.૧૯૪૭)

**ચૈતાલીબેન એસ. ગોસાઈ**

**આર.બી. પરમાર હાઈસ્કુલ**

**સાંધીએર, તા. ઓલપાડ**

ભારતના આર્થિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસમાં સૌરાષ્ટ્ર વિશિષ્ટ ઓળખ ધરાવે છે. રાજકીય દ્રષ્ટિએ જોઈએ તો સૌરાષ્ટ્ર પ્રદેશમાં આવેલા નાનામોટા દેશી રાજ્યો પૈકી પાલીતાણા નામનું રાજ્ય ખુબજ મહત્વનું સ્થાન ધરાવતું હતુ. પાલીતાણા રાજ્યના નામની પ્રાચીનતા માટે એવું જાણવા મળે છે કે ઈતિહાસમાં પાલીતાણા તરીકે ઓળખાતું આ નગર વર્ષો પહેલા પાદલિપ્તપુર તરીકે ઓળખાતું હતું. આ નગર ભૌગોલિક રીતે સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લામાં આવલું છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ રાજયની પુનઃરચના પૂર્વે આ રાજય અમદાવાદના સુલતાનો, મોગલો, જુનાગઢના બાબીવંશના રાજાઓ, પેશ્વા ગાયકવાડ અને અંગ્રેજ હકુમત હેઠળ ખંડિયા રાજય તરીકે જુદા જુદા શાસકોના શાસન નીચેથી પસાર થયું હતું.[૧]

પાલીતાણા રાજય પૂર્વ પશ્ચિમ અને ઉત્તરે ભાવનગર રાજયની સરહદ તથા દક્ષિણે ભાવનગર, ગાયકવાડી અને બ્રિટિશ એજન્સીની સરહદો સાથે સંકળાયેલું હતું. પાલીતાણા રાજય મુખ્ય નગર ઉપરાંત ૯૯ ગામડાઓથી બનેલું હતું. પાલીતાણા રાજયનો કુલ વિસ્તાર પૂર્વ પશ્ચિમે ૨૯ માઈલ અને ઉત્તર દક્ષિણે ૧૦ માઈલનો હતો.[૨]

પાલીતાણા રાજયની પ્રાચીનતાને લગતા ઐતિહાસિક દસ્તાવેજો, પુરાવાઓ, પ્રશસ્તિપત્રો, શાસનપત્રો, દાનપત્રો, અભિલેખો તેમજ દંતકથાઓમાં વિવિધ પ્રકારના ઉલ્લેખો જોવા મળે છે. પાલીતાણા રાજયના નામ સંબંધી જે વિવિધ માહિતીઓ પ્રાપ્ત થાય છે, તેના પરથી આ રાજયની પ્રાચીનતાનો ખ્યાલ મેળવી શકાય છે.

પાલીતાણા નગરની સ્થાપના કોણે અને ક્યારે કરી એ અંગેની અનેક વિધ માહિતીઓ પ્રાપ્ત થાય છે. પાલીતાણા પાદલિપ્ત સુરીના શિષ્ય નાગાર્જુને પોતાના ગુરૂની યાદમાં શત્રુંજયની તળેટીમાં બીજી શતાબ્દીના અંતે ત્રીજી શતાબ્દીનાં પ્રારંભમાં વસાવ્યું હતું.[3] આમ આ નગર ૧૮૦૦ વર્ષ જેટલું પ્રાચીન જણાય છે. આ નગરનું નામ નાગાર્જુને પોતાના ગુરૂપાદલિપ્ત સૂરિના નામે પાદલિપ્તપુર રાખ્યું હોવાનું માનવામાં આવે છે.

આ ઉપરાંત વિવિધ શાસકોના સમય દરમ્યાન પાલીતાણા ની હયાતીના પુરાવાઓ પ્રાપ્ત થયા છે. મૈત્રક વંશના ધ્રુવસેન પહેલાએ ઈ.સ. ૫૨૫-૨૬ માં પાલીતાણાનાં બ્રાહ્મણ કુટુંબને પાલીતાણા દાનમાં આપ્યું હતું. તેના તામ્રપત્ર પરથી સિદ્ધ થાય છે કે ધ્રુવસેન પહેલાના વખતમાં પણ પાલીતાણા અસ્તિત્વ ધરાવતું હતુ અને તે મૈત્રકોના આધિપત્ય હેઠળ હતું.[૪] આ ઉપરાંત ધરસેન બીજાના સમયના તમ્રપત્રો પાલીતાણા રાજયમાંથી મળી આવ્યા હતા. જે ઈ.સ. ૫૭૧ ની સાલમાં જણાય છે. તે પાલીતાણા માંથી મળી આવ્યા હોવાથી તે સમયે પાલીતાણાનું અસ્તિત્વ હશે એમ કહી શકાય.[૫]

આ ઉપરાંત પાલીતાણા રાજય વિવિધ શાસકોના આક્રમણોનો ભોગ બન્યુ હતું એવું પણ જાણવા મળે છે. ઈ.સ. ૧૩૧૩માં અલાઉદ્દીનના સૈનિકોએ જૈનોના મહાતીર્થ શંત્રુજય પર આક્રમણ કરીને મુખ્ય મંદિરને નુકશાન પહોચાડયું હતુ.[૬] એ ગાળા દરમ્યાન પાલીતાણા, લોલિયાણા અને માંડવીમાં મુસલમાની થાણા સ્થપાયા હતાં.[૭] પાલીતણાના ગોહિલ રાજાઓએ પાછળથી પેશ્વા અને ગાયકવાડની તાબેદારી સ્વીકારને ઈ.સ. ૧૮૦૪ના વોકરસેટલમેન્ટ થી અંગ્રેજોની સર્વોપરિતા સ્વીકારી હતી.

પાલીતાણાના રાજય મુંબઈ ઈલાકાનું બીજા વર્ગનું કાઠિયાવાડી રાજય હતું અને જેના શાસકો ગોહિલ વંશના રાજપુતો હતા.[૮] આ પાલીતાણા રાજયના ગોહિલ રાજપુતો સૂર્યવંશી હોવાનું જોવા મળે છે.[૯] આ વંશમાં શાહજા ગોહિલથી માંડીને બહાદુરસિંહજી સુધીના કુલ છવ્વીસ શાસકો થઈ ગયા. બહાદુરસિંહજી આ રાજયના છેલ્લા શાસક ગણાય છે. તેમનો શાસનકાળ ઈ.સ. ૧૯૧૯ થી ઈ.સ. ૧૯૪૭ સુધીનો હતો.

## -: બહાદુરસિંહજી ગોહિલ ઈ.સ. ૧૯૧૯ થી ૧૯૪૭ :-

પાલીતાણા રાજયના છેલા રાજા બહાદુરસિંહ ગોહિલનો જન્મ ચૈત્ર સુદ પાંચમ સંવત ૧૯૫૬ ની ત્રીજી એપ્રિલ ૧૯૦૦ માં થયો હતો. તેમના પિતાનું નામ માનસિંહ ગોહિલ હતું.[૧૦] માનસિંહજીનું મૃત્યુ ઈ.સ. ૧૯૦૫ માં થયું ત્યારે યુવરાજ બહાદુરસિંહની ઉંમર માત્ર ૫ વર્ષની હતી આથી સરકારી કાયદા મુજબ રાજકોટના એજન્ટના હુકમથી સોનગઢના પોલીટીકલ એજન્ટ ટયુડર ઓવને સત્તા સંભાળી લીધી અને તેમણે બહાદુરસિંહજી ના વિદ્યાભ્યાસની વ્યવસ્થા કરી તેના શિક્ષક તરીકે જુના ન્યાયધીશ અને અમદાવાદના રહીશ નાગર અમરજી ભોળાનાથને નીમ્યાં અને તેમણે બહાદુરસિંહજીને ગુજરાતી વ્યાકરણ તથા અંગ્રેજીનું શિક્ષણ આપ્યું હતુ.[૧૧]

બહાદુરસિંહજીએ શરૂઆતનું શિક્ષણ રાજકોટની રાજકુમાર કોલજમાં મેળવ્યું હતું. ૧૯૧૨માં બહાદુરસિંહજીને વધુ અભ્યાસ અર્થે ઈંગ્લેન્ડમાં મોકલવામાં આવ્યા હતા.[૧૨] ઈંગલેન્ડમાં તેઓ જયારે શિક્ષણ મેળવી રહ્યા હતા ત્યારે ઈમ્પિરિયલ મેજસ્ટીરાજા તથા રાણી સમક્ષ બે વાર રજુ કરવામાં આવ્યા હતા.

બહાદુરસિંહજીના હાથમાં રાજયની સંપૂર્ણ સત્તા ૨૭ નવે. ૧૯૧૯ ના રોજ આવી હતી. તેઓ કાયદાની રૂએ ચેમ્બર ઓફ પ્રિન્સેસના સભ્ય હતા અને સર્વસત્તાધીશ વહીવટ કરનાર રાજકુમાર હતા. તેઓ એડોપ્શનની સનદ ધરાવતા હતા અને નવતોપની કાયમી સલામી મેળવવાના હકદાર હતા.[૧૩] બહાદુરસિંહજીએ પોતાના શાસન દરમ્યાન વિવિધ પ્રકારના સુધારા કર્યા હતા. જેવા કે વહીવટી, ન્યાયકીય, આરોગ્ય વિષયક, શૈક્ષણિક, આર્થિક, પ્રજાપતિનિધિ

મંડળની સ્થાપના જેવી અનેક વિધ પ્રવૃત્તિ તેમના શાસનકાર દરમ્યાન કરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે શિક્ષણ, ખેતીવાડી, ન્યાયકીય, પ્રજાપતિનિધિ મંડળની સ્થાપના આરોગ્ય વગેરે બાબતોને તેમણે વિશેષ મહત્વ આપ્યું હતું તેવું જાણી શકાય છે.

**બહાદુરસિંહજી ગોહિલના આર્થિક સુધારા :-**

બહાદુરસિંહજી એ આર્થિક ક્ષેત્રે વિવિધ પ્રકારના સુધારા કર્યા હોવાનું જાણવા મળતું હતું. ખેતીવાડી, ઉદ્યોગ ધંધા અને વેપારી માળખાને ધ્યાનમાં રાખીને પાલીતાણા રાજય દ્વારા વિવિધ સુધારાઓ હાથ ધરવામાં આવ્યા હતાં. તેમના આર્થિક સુધારાઓને કારણે રાજ્યની પ્રજા અને રાજ્યની આર્થિક પરિસ્થિતિને ઘણો વેગ મળ્યો હતો.

બહાદુરસિંહજી ગોહિલ ખેતવિકાસના પ્રખર હિમાયતી હતા. તેમણે ખેતીના વિકાસ માટે વિવિધ પગલાઓ ભર્યા હતા. પાલીતાણા રાજય તરફથી આર્થિકક્ષેત્રે ખેતીવિષયક પ્રવૃત્તિને વિશેષ ઉત્તેજન મળ્યું હતું એવું જાણવા મળે છે. ખેડૂતોને સિંચાઈની સગવડ સરળતાથી મળી શકે એ માટે પાકા કુવા ગળાવવા, પાળા બંધાવવા તથા બળદની ખરીદી કરવા માટે રાજય તરફથી આર્થિક મદદ પેટે અડધી રકમ આપવામાં આવતી અટલું જ નહિ બીયારણ માટે અનાજ પણ રાજય તરફથી આપવામાં આવતું. આ ઉપરાંત કોઈક વખત કુદરતી આપત્તિ ને પરિણામે પાક નિષ્ફળ જતાં ત્યારે ખેડૂતા પાસે જે મેહસૂલ લેવામાં આવતું તેમાં ઘટાડો કરી નાંખવામાં આવતો. વિશષ કરીને ખેડૂતોના આરોગ્યની પણ રાજ્ય દ્વારા વિશેષ કાળજી લેવામાં આવતી. ખેડૂતો જયારે માંદગીમાં સપડાયા હોય ત્યારે રાજય તરફથી બિમાર ખેડૂતોન ડોક્ટરની સેવા પૂરી પાડવામાં આવતી તેમજ રાજયના ખેડૂતોના પશુઓ કે જાનવરો બિમાર પડે ત્યારે રાજય તરફથી જાનવરોને સાજા કરવા માટે મફત સહાય પૂરી પાડવામાં આવતી.[૧૪] આ સમયે સિંચાઈના એક માત્ર સાધન તરીકે કૂવાઓ હતો જે ૩૫૪૨ કોશ જેટલું પાણી પુરું પાડતા હતા. કેટલીક જગ્યાએ કુવાઓના જગ્યાએ તળાવ દ્વારા સિંચાઈની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી.[૧૫]

રાજય તરફથી વિવિધ પ્રકારના પાક લેવામાં આવતા હતા. મુખ્યત્વે બાજરી, કપાસ, જુવાર, ઘઉં, શેરડી, તલ વગેરેની ખેતી કરવામાં આવતી. ઉત્પાદનમાં વધારો કરવાના શુભ આશયથી પાલીતાણા રાજય તરફથી ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવતા અને તે માટે સારૂ ઉત્પાદન કરનાર ખેડૂતને રાજય તરફથી રોકડ રકમ ઈનામમાં આપી ખેડૂતને પાઘડી બાંધવામાં આવતી.[૧૬]

ખેતી ઉપરાંત રાજય તરફથી વ્યાપાર વિષયક વિવિધ સુધારાઓ પણ હાથ ધરવામાં આવ્યા હતાં. રાજય દ્વારા અન્ય રાજય સાથે વ્યાપાર વધે તે માટે પ્રોત્સાહક પગલાઓ ભરવામાં આવતા. રાજય તરફથી ઘણી બધી વસ્તુઓની નિકાસ કરવામાં આવતી હતી. જેમાં રૂ, ઘઉં અને ચણા મુખ્ય હતા. જયારે ખાંડ, ચોખા તથા કપડાંની આયાત કરવામાં આવતી હતી. રાજયના ઉદ્યોગને ટકાવી રાખવામાં માટે કેટલીક વસ્તુની આયાત પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.[૧૭] વેપારીઓના માલને સાચવવામાં રાજય તરફથી પગલાઓ લેવામાં આવ્યા હતા. ખાસ કરીને રેલ્વે સ્ટેશનો પર મોટા

ગોડાઉનો બાંધવામાં આવતાં. રાજય તરફી માલ સામાન ખરીદવામાં આવતો હતો અને એ માલ ત્યાથી બજારમાં વેચવા માટે વેપારીઓને આપવામા આવતા. આ માલ વેચાતા તેમાંથી જે નાણા મળતા તેની ક્રમસઃ વસુલાત કરવામાં આવતી. આ યોજના થી વેપારીને નફો પ્રાપ્ત થતો. આ ઉપરાંત વેપારીઓને નાણાની જરૂર જણાય ત્યારે રાજય સરકાર તરફથી લોન આપવાની વ્યવસ્થા પણ કરવામા આવી હતી.[૧૮] આમ વેપારીઓના હિતની પણ રાજ્ય દ્વારા ખાસ કાળજી રાખવામાં આવતી હતી એમ કહી શકાય.

ખેતી અને વ્યાપારની સાથે ઔદ્યોગિક પ્રવૃતિને પણ રાજય સરકાર તરફથી મહત્વનું સ્થાન મળ્યું હોવાનું જાણવા મળે છે. વિવિધ પ્રકારના ઉદ્યોગો દ્વારા રાજય અને પ્રજા બંનેની આબાદી થાય તે માટે ઉદ્યોગોની સ્થાપનાને પ્રોત્સાહન આપવામાં આવતું. આમપ્રજામાંથી સાહસિક ઉદ્યોગપતિઓ આગળ આવે તે માટે તેમને ઉદાર હાથે આર્થિક સહાય આપવામાં આવતી. રાજયમાં નાના પાયા પરના અનેક કારખાનાઓ શરૂ કરવામાં આવ્યા હતાં. બરફ બનાવવાનું કારખાનું, જીન, શેરડીમાંથી ગોળ બનાવવાનો ઉદ્યોગ, હાથવણાટ, સુથારીકામ, લુહારીકામ, ધાતુકામ, નકશીકામ જેવા વિવિધ ઉદ્યોગો ચાલતા હતા.[૧૯]

વિકાસના આ ધીમા યુગમાં પણ પાલીતાણા રાજય દ્વારા વેપાર અને લોકોની અવરજવરને ધ્યાનમાં રાખી રસ્તા અને પૂલોનું બાંધકામ પણ કરવામાં આવ્યું હતું. ઈ.સ. ૧૯૩૩માં ખારો નદી પર એક મોટો પૂલ બાંધવામાં આવ્યો હતો. લિડીયા નદી પર પણ એક નાનો પૂલ બાંધવામાં આવ્યો હતો. આ પૂલ બનાવવા પાછળ તે સમયે સવાલાખ રૂપિય ખર્ચ કરવામાં આવ્યો હતો.[૨૦]

રાજ્યમાં વિકાસના કામોને વેગ આપવા માટે રાજય તરફથી વિવિધ પ્રકારના કરવેરા ઉઘરાવવામાં આવતા હતા. પ્રજા પાસે વિવિધ પ્રકારના કરવેરા ઉઘરાવી રાજય આવક મેળવતું હતું. મુખ્યત્વે મુંડકાવેરો (યાત્રાવેરો), શિંગવેરો (શિંગડાવેરો), જમીનના વેચાણ પર લેવાતો કર, જમીન મહેસૂલ, વિવાહ વધાઈકર, ભાગ, ગાંજો વગેરે કેફી પદાર્થના વેચાણ માટે ઈજારામાંથી પ્રાપ્ત થતો કર, ગુનેગારોને કરવામાં આવતા દંડની આવક, સુખડીકર, (ખેતી અને રહેવા માટે નિશ્ચિત રકમ લઈ જે જમીન આપવામાં આવતી તે કર) ફળાઉઝાડ પર નાંખવામાં આવેલ કર, દાઢીવેરો વગરે.[૨૧]

**બહાદુરસિહજી ગોહિલના ન્યાયકીય સુધારા :-**

પાલીતાણા એ બીજા વર્ગનું રાજય હતુ. તે પોતાની ગુનેગાર પ્રજાને બ્રિટીશ સરકારની પરવાનગી સિવાય પણ મોતની સજા ફટકારી શકતું. આ રાજયમાં મુખ્યત્વે બે પ્રકારની કોર્ટ હતી. (અ) ફોજદારી કોર્ટ (બ) દીવાની કોર્ટ, ફોજદારી કોર્ટ ચાર પ્રકારની હતી. (૧) ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ કોર્ટ પાલીતાણા (૨) ડિસ્ટ્રીક મેજીસ્ટ્રેટ કોર્ટ પાલીતાણા (૩) સેશન્સજડજ કોર્ટ પાલીતાણા (૪) હાઈકોર્ટ (હજુર કોર્ટ) પાલીતાણા. દિવાની કોર્ટમાં (૧) સ્મોલકોઝકોર્ટ (૨) દીવાની ન્યાયધીશ કોર્ટ (૩) સરન્યાયધીશ કોર્ટ. (૪) હાઈકોર્ટ (હજુરકોર્ટ).[૨૨] હજુરકોર્ટ એ રાજયની અંતિમ અને સૌથી ઊંચી કોર્ટ

ગણાતી જે ઠાકોર સાહેબની નિગરાની હેઠળ ચાલતી તેમને મદદ કરવા માટે B.A.,L.L.B. થયેલ જ્યુડિશીયલ આસિસ્ટંટ રહેતો.[૨૩]

**બહાદુરસિહજી ગોહિલના શૈક્ષણિક ક્ષેત્રે સુધારા :-**

રાજ્ય દ્વારા વિકાસના વિવિધ પગલાઓ હાથ ધરવામાં આવ્યા હતા. ઉપરાંત શિક્ષણના ક્ષેત્રે પણ પાલીતાણા રાજયના શાસક બહાદુરસિહજી ખુબજ ઉત્સાહિત હતા. બહાદુરસિંહજીના શાસનકાળ દરમ્યાન આખા સંસ્થાનમાં એક હાઈસ્કુલ, એક કોન્વેન્ટ સ્કુલ, બે કન્યાશાળા, એક અત્યંજ શાળા અને ૧૯ બીજી પ્રાથમિક શાળાઓ મળી કુલ ૨૪ જેટલી રાજય સંચાલિત શાળાઓ હતી. એ ઉપરાંત પાલીતાણામાં એક યશોવિજય જૈન ગુરુકુળ, એક જૈન બાળાશ્રમ, એક શ્રી નંદકુવરબા અનાથાશ્રમ, એક શ્રાવિકાશ્રમ, એક ગામઠી સ્કુલ અને ત્રણ મુસલમાની મદ્રેસા મળી આઠ ખાનગી સંસ્થા હતી. [૨૪] રાજ્ય તરફથી શિક્ષણના વિકાસ માટે જે પ્રયાસો કરવામા આવ્યા હતા તેને પરિણામે શિક્ષણ મેળવનાર વિદ્યાર્થી ભાઈબહેનોની સખ્યામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળતો હતો.

ડિસેમ્બર, ૧૯૨૫ સુધી પાલીતાણામાં ૨૨૨૫ છોકરાઓ અને ૨૪૪૧ જેટલી છોકરીઓ વિવિધ સ્કુલમાં શિક્ષણ મેળવતા હતા. વિશેષ કરીને બહાદુરસિહજીના સમય દરમ્યાન આર્થિક મુશ્કેલીને કારણે રાજયના બાળકોનો અભ્યાસ અટકી ન જાય તે માટે રાજય ખાસ કાળજી રાખતું અને તે માટે રાજય તરફથી આર્થિક મદદના સ્વરૂપમાં શિષ્યવૃત્તિ પણ આપવામાં આવતી હતી. આ સમય દરમ્યાન પાલીતાણા રાજય દ્વારા કુલ ૨૩ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવામાં આવી હતી. આ ઉપરાંત ખેડૂતો તથા ગરાસિયાના છોકરાઓને તથા રૂા. ૧૫થી ઓછા માસિક પગારવાળાને ફી માફીનો લાભ આપવામાં આવતો. આ ઉપરાત ૧૮-૪-૧૯૨૫ થી બોય સ્કાઉટની શરૂઆત કરવામાં આવી હતી. દરેક સ્કાઉટને યુનિફોર્મ, સાફો, શર્ટ, નીકર, કમીઝ, બેલ્ટ, શુઝ અને એક સ્ટીક આપવામાં આવતી.[૨૫]

આ સમય દરમ્યાન લોકોમાં વાંચનનો રસ કેળવાય તે માટે લાઈબ્રેરીની સગવડનો લાભ પ્રજાને મળી શકે તે માટે પણ બહાદુરસિહજી ગોહિલ ખાસ પ્રયત્નશીલ જણાતા હતા. રાજય તરફથી લાઈબ્રેરીની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. અગાઉ તૈયાર કરાવેલી વેલિગ્ટન શાક માર્કેટ તથા નગરના મધ્યમાં આવેલી જ્યોર્જ ધી ફીફ્થ સિલ્વર જયુબિલી લાઈબ્રેરીનું વાઈસરોય સાહેબના હસ્તક ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.[૨૬]

**પ્રજાપ્રતિનિધિ મંડળની સ્થાપના, માનચાંદ અને સિલ્વર જ્યુબિલી મહોત્સવ ૧૯૪૪ :-**

પાલીતાણા રાજય દ્વારા લોકશાહીની દિશામાં આગળ વધવાનો આ એક મહત્વનો પ્રયાસ હતો. રાજશાહી શાસન વ્યવસ્થા દરમ્યાન પણ લોકશાહીજન્ય વિચારોનો આ ખ્યાલ શાસકની ઉદારતા દર્શાવે છે. પાલીતાણા રાજયમાં શ્રી બહાદુરસિંહજીએ પ્રજાપ્રતિનિધિ મંડળની રચના કરી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ રાજાને વહીવટમાં મદદ કરવાનો હતો. શરૂઆતમાં આ પ્રતિનિધિઓની રાજયમાંથી સીધી નિમણૂંક થતી હતી. પરંતુ ધીમે ધીમે લોકશાહીનો વિચાર વધુ મજબુત અને ઉદાર બનાવવામાં આવ્યો હતો. પાછળથી અમુક પ્રતિનિધિ ન પ્રજા ચૂંટણી દ્વારા ચૂંટીને મોકલે તેવી

વ્યવસ્થા સ્વીકારવામાં આવી હતી. તેના માટે વોર્ડ મતદાર યાદી તૈયાર કરવામાં આવી હતી. બહાદુરસિંહજીએ શાસન વ્યવસ્થામાં પોતાના વિરોધીઓને પણ વિશેષ સ્થાન આપ્યું હોવાનું જાણા શકાય છે. પોતાના વિરોધીઓ પ્રત્યે વિશેષ ઉદારતા દર્શાવીને પોતાના વિરોધીઓને પણ પ્રતિનિધિ મંડળમાં સ્થાન આપ્યું હતું. એટલું જ નહિ આ પ્રતિનિધિઓ પણ ચૂંટાઈને આવ્યા હતા. આ પ્રતિનિધિ સભાની કુલ સભ્ય સંખ્યા ૪૦ ની હતી. પ્રજાપ્રતિનિધિસભાના પ્રમુખ તરીકે રાજા અથવા રાજાનિયુક્ત એક પ્રતિનિધિ રહેતા જેની ચુંટણી થતી ન હતી. ૪૦ માંથી ૨૦ સભ્યોની રાજા નિયુક્તિ કરતો અને બાકીના ૨૦ સભ્યોની ચૂંટણી કરવામાં આવતી. નિયુક્ત સભ્યોમાં મુખ્યત્વે ચાર સભ્યો આઝમ દિવાન સાહેબ, આઝમ સર ન્યાયાધીશ, આઝામ રેવન્યુ કમીશનર, આઝમ પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ હતા. રાજયની નોકરીમાંથી રાજા છ સભ્યોની નિમણૂંક કરતો. આ ઉપરાંત પાલીતાણાની પ્રજામાંથી કુલ ૧૦ સભ્યોની નિયુક્તિ કરવામાં આવતી. આમ, કુલ ૨૦ સભ્યો કોઈપણ પ્રકારની ચૂંટણી વિના રાજા દ્વારા નિયુક્ત કરવામાં આવતા. બાકીના ૨૦ સભ્યોમાંથી ૧૯ સભ્યો પ્રજામાંથી ચૂંટવામાં આવતા અને ભાયાત અને મૂળ ગરાસિયામાંથી એક સભ્યની ચૂંટણી કરવામાં આવતી. આ રીતે ચૂંટાયેલા સભ્યોની સંખ્યા ૨૦ ની થતી.[૨૭]

બહાદુરસિંહજી ગોહિલ તેમની કાર્યપધ્ધતિ અને વિવિધ પ્રજાલક્ષી કાર્યોને કારણે જનસમાજમાં તો આદરપાત્ર બન્યા જ હતા એટલું જ નહિ બ્રિટિશ હિંદમાં પણ તેઆ અંગ્રેજોમાં વિશેષ આદર પામ્યા હતા અને તેથી જ બ્રિટિશ સરકારે પણ તેમને જુદા જુદા ખિતાબોથી નવાજ્યા હતા. બહાદુરસિંહજીને બ્રિટીશ સરકાર તરફથી કેટલાક ઈલકાબો પ્રાપ્ત થયા હતા. ઈ.સ.૧૯૩૦માં બહાદુરસિંહજીને K.C.I.E. નો ખિતાબ બ્રિટીશ સરકાર તરફથી એનાયત થયો હતો ત્યારબાદ બરાબર ૧૦ મે વર્ષે ૧-૧-૧૯૩૯ ના રોજ K.C.I.E. નો વધારાનો ખિતાબ બ્રિટીશ સરકારે આપ્યો હતો.[૨૮] આ ઉપરાંત ૧૭-૬-૧૯૪૫ ના દિવસે બ્રિટીશ સરકાર તરફથી બહાદુરસિંહજીને મહારાજનો ઈલ્કાબ આપવામાં આવ્યો હતો.[૨૯]

પોતાના રાજયના ૨૫ વર્ષ પુરા થયાની યાદમાં આ મહોત્સવનું આયેજન કરવામાં આવ્યું હતું જેમાં રાજય અને પ્રજા બંને એ સાથે મળીને આ મહોત્સવને ભવ્ય રીતે ઉજવ્યો હતો. આ માટે ૧૪ ફેબ્રુઆરી ૧૯૪૫ થી છ દિવસ સુધી આ ઉત્સવને ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ દિવસો દરમ્યાન દરેક ધર્મના ધાર્મિક સ્થાનોમાં પ્રભુ પ્રાર્થના રાખવામાં આવી હતી. આ મહોત્સવમાં ભાગ લેવા માટે જુદા જુદા રાજયોમાંથી રાજવંશી મહેમાનો (રાજવાઓ) હાજર રહ્યા હતા. જામનગર, ભાવનગર, ધ્રાંગ્રધ્રા, મોરબી, ગોંડલ, વાંકાનેર, વઢવાણ, જુનાગઢ, સોનપુર, ધરમપુર, વળા, લાઠી, વીરપુર, સરવણ વગેરે મુખ્ય હતા.[૩૦]

આમ, પાલીતાણા રાજયના શાસક તરીકે બહાદુરસિંહજી ગોહિલે વિવિધ પ્રકારના સુધારાઓ તથા પ્રજાલક્ષી કામો કરીને પ્રજાવત્સલ શાસક તરીકેની પોતાની અને પાલિતાણા રાજયની ભારતવર્ષના દેશી રાજયોમાં એક વિશિષ્ટ ઓળખ ઉભી કરી શકયા એમ કહી શકાય.

**-: સંદર્ભસૂચિ :-**


૧. શાહ અમૃતલાલ જી. 'ભારત રાજય મંડળ' એચ.સી. એન્ડ બ્રધર્સ ડાકોર ૧૯૦૨ પૃ.૧૩૩

૨. પાલીતાણા રાજયનો એડમીનીસ્ટ્રેશન રિપોર્ટ - ૧૯૩૨-૩૩. પૃ.૧

૩. દેવલુક નંદલાલ બી (સંપાદક), 'ગોહિલવાડની અસ્મિતા' -ભાગ-૧ ૧૯૬૪, પૃ.-૪૧ થી પૃ.-૪૩

૪. શાસ્ત્રી હરિપ્રસાદ (ચંદ્રહિતા) , 'ગુજરાતના ઐતિહાસિક લેખો' ધી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ ભાગ-૩, પૃ. ૫

૫. એજન પૃ. ૯૧

૬. ડૉ. આચાર્ય નવીનચંદ્ર એ. 'ગુજરાતના ધર્મસંપ્રદાયો', યુનિવસિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ ૧૯૯૯, પૃ. ૧૦૫

૭. લેખક જેઠાલાલ 'બહાદુર વિલાસ યાને શંત્રુજયનો મહિપાળ' - ૧ (અપ્રકાશિત હસ્તપ્રત) પૃ.૬૪

૮. THE IMPERIAL DURBAR ALBUM OF THE INDIAN PRINCES, CHIFFS AND ZAMINDARS. VOL-IP. 235

૯. ડૉ. કોરાટ પી.જી., ડો. જાની એસ.વી., ડો. ભાલ જે.બી.,(સંપાદકો) 'ભાવનગર રાજયનો ઈતિહાસ', પ્રકરણ-૨, પાર્શ્વ પ્રકાસન, અમદાવાદ એપ્રિલ ૧૯૯૫ પૃ.૧૫

૧૦. પાલીતાણા રાજયનો એડમિનિસ્ટ્રેશન રીપોર્ટ, ૧૯૦૮-૯, પૃ.૧

૧૧. લેખક જેઠાલાલ, 'બહાદુરવિલાસ યાને શંત્રુજય નો મહિપાળ' - ૪ (અપ્રકાશિત હસ્તપ્રત) પૃ.૭૫૫

૧૨. પાલીતાણા રાજયનો એડમિનિસ્ટ્રેશન રીપોર્ટ, ૧૯૩૨-૩૩ પૃ.૧

૧૩. એજન, પૃ.૨

૧૪. શ્રી બહાદુરસિંહજી રજતમહોત્સવ સમિતિ (પ્રકાશક), 'શ્રીબહાદુર રજત રશ્મિ', પૃ.૩૧, સરખાવો : લે. જેઠાલાલ (પૂર્વોક્ત) પૃ. ૭૭૨

૧૫. ભાવિનગીરી એસ. ગોસાઈ, "ઈ.સ. ૧૭૨૫ થી ૧૯૪૮ સુધીના પાલીતાણા રાજયનો ઐતિહાસિક અભ્યાસ, "ઈતિહાસ વિષયમાં એમ.ફીલની પદવી માટેનો અપ્રકાશિત લઘુશોધ નિબંધ, વિર નર્મદ દ.ગુ. યુનિ. સુરત, એપ્રિલ ૨૦૦૨. પૃ.૧૭૬

૧૬. પાલીતાણા દરબારી ગેઝેટ, સપ્ટે. ૧૯૩૩, પૃ.૧

૧૭. પાલીતાણા રાજયનો એડમિનિસ્ટ્રેશન રીપોર્ટ, ૧૯૨૧-૨૨, પૃ.૩

૧૮. લે. જેઠાલાલ, (પૂર્વોક્ત), પૃ.૭૭૬

૧૯.	પાલીતાણા દરબારી ગેઝેટ, ૧૯૩૦-૩૧, પૃ.૮

૨૦.	લે. જેઠાલાલ, (પૂર્વોક્ત), પૃ.૭૮૨

૨૧.	પાલીતાણા દરબારી ગેઝેટ, - ૧૯૨૫, પૃ. ૪ અને પાલીતાણા એડમિનિસ્ટેશન રીપોર્ટ,-૧૯૨૭, પૃ.૨

૨૨.	પાલીતાણા દરબારી ગેઝેટ, ૧૪ ઓગષ્ટ-૧૯૪૭, પૃ.૨

૨૩.	પાલીતાણા એડમિનિસ્ટ્રેશન રીપોર્ટ, ૧૯૩૨-૩૩, પૃ.૩

૨૪.	ભાવિનગીરી એસ. ગોસાઈ, "ઈ.સ. ૧૭૨૫ થી ૧૯૪૮ સુધીના પાલીતાણા રાજયનો ઐતિહાસિક અભ્યાસ, "ઈતિહાસ વિષયમાં એમ.ફીલની પદવી માટેનો અપ્રકાશિત લઘુશોધ નિબંધ, વિર નર્મદ દ.ગુ. યુનિ. સુરત, એપ્રિલ ૨૦૦૨, પૃ.૧૨૨

૨૫.	રાજયની સત્તા દરમ્યાન કરવામાં આવેલ ભાષણોની ફાઈલમાંથી, ૧૯૨૫, પૃ.૫

૨૬.	લે. જેઠાલાલ, 'પૂર્વોક્ત', પૃ.૭૮૬

૨૭.	પાલીતાણા દરબારી ગેઝેટ, મે-૧૯૩૦, પૃ. ૧૦

૨૮.	લે. જેઠાલાલ, 'પૂર્વોક્ત', પૃ. ૭૮૬.

૨૯.	પાલીતાણા દરબારી ગેઝેટ, જુન-૧૯૪૫, પૃ. ૮૫

૩૦.	પાલીતાણા દરબારી ગેઝેટ, 'સિલ્વર જયુબિલી અંક' ૧૯૪૫, પૃ. ૪૬